# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

પી.એચ. ડી. પ્રવેશ સમિતિ
યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ, રાજકોટ – ૩૬૦૦૦૫

## પીએચ.ડી. પ્રવેશ – ૨૦૨૫-૨૬ (બીજો રાઉન્ડ) માટેની સૂચનાઓ

| | |
|---|---|
| ૧. | શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે **PGTR/૧/૨૪૧૯૪૭૧/૨૦૨૪** તા.૦૫/૧૦/૨૦૨૪ ના પરિપત્ર મુજબ **UGC** દ્વારા જે વિષયમાં **Ph. D.** એડમિશન માટે **NET for Eligibility to Ph.D. Admission** લેવાતી નથી તેવા વિષય જેવા કે **Pharmacy, Physiotherapy** અને **Statistics** વિષયમાં અને પ્રથમ રાઉન્ડના અંતે જે વિષયોમાં જગ્યા ખાલી રહેલ છે તેવા જ વિષયો માટે **Ph. D.** પ્રવેશ પરીક્ષા યુનિવર્સીટી દ્વારા લેવામાં આવશે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૫- ૨૬ માટેની પ્રવેશ પ્રકિયા ફી રૂ.૮૦૦/- છે. (ફી કોઇપણ સંજોગોમાં પરત મળવાપાત્ર નથી.). આવા વિદ્યાર્થીઓ **Ph.D. Entrance Test Category** તરીકે ઓળખવામાં આવશે. પ્રથમ રાઉન્ડના અંતે જે વિષયોમાં જગ્યા ખાલી રહેલ છે અને ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવાનુ છે તેવા જ વિષયોની યાદી આ સાથે પરિશિષ્ટ-૧ માં મુકેલ છે. |
| ૨. | પીએચ.ડી. પ્રવેશના પ્રથમ રાઉન્ડ માટે સૌરાષ્ટ્ર યુનીવર્સીટીના પોર્ટલ પર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવેલ હોય તથા આ અંગે જે તે વિષયના ભવનમાં પ્રથમ રાઉન્ડ માટે વેરિફિકેશન કરાવેલ સ્વપ્રમાણિત પ્રમાણપત્રો અને પોતાની સંશોધન દરખાસ્ત **(Research Proposal)** ની પાંચ નકલ અચૂકપણે જમા કરાવેલ હોય અને પ્રથમ રાઉન્ડમાં પ્રવેશ મળેલ ન હોય તેવા વિદ્યાર્થીઓએ ફરી થી ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવાનુ નથી. પ્રથમ રાઉન્ડના અંતે જે વિષયોમાં જગ્યા ખાલી રહેલ છે અને ઓનલાઈન રજીસ્ટ્રેશન નથી કરાવવાનુ છે તેવા વિષયોની યાદી આ સાથે પરિશિષ્ટ-૨ માં મુકેલ છે. આવા વિદ્યાર્થીઓએ **DRC** સમક્ષ ઉંપસ્થિત થવાનું રહેશે. આ માટે સમયાંતરે જે તે ભવનની વેબસાઈટના નિયમિત સંપર્કમાં રહેવું અને જે તે ભવને નિયત કરેલ તારીખે **DRC** સમક્ષ ઉંપસ્થિત રહેવું. |
| 3. | • જે વિદ્યાર્થીઓએ **UGC NET-June & December-2024 and NET- June-2025, and GSET-December-2024** પાસ કરેલ હોય અને પીએચ.ડી. પ્રવેશના પ્રથમ રાઉન્ડ માટે સૌરાષ્ટ્ર યુનીવર્સીટીના પોર્ટલ પર ઓનલાઈન રજીસ્ટ્રેશન ન કરાવેલ હોય તેવા વિદ્યાર્થીઓએ સૌરાષ્ટ્ર યુનીવર્સીટીના પોર્ટલ પર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. આવા વિદ્યાર્થીઓ **Ph.D. Non-Entrance Test Category** તરીકે ઓળખવામાં આવશે. અને આવા વિદ્યાર્થીઓએ **Ph.D.**પ્રવેશ પરીક્ષા આપવાની રહેતી નથી.<br>• **Pharmacy**, **Physiotherapy** અને **Statistics** વિષયમાં અને પ્રથમ રાઉન્ડમાં જે વિષયોમાં જગ્યા ખાલી રહેલ છે તેવા વિષયો કે જે આ સાથે પરિશિષ્ઠ -૧ માં દર્શાવેલા છે તેવા જ વિષયો માટે શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માં પીએચ.ડી. પ્રવેશના આ બીજા રાઉન્ડ માટે સૌરાષ્ટ્ર યુનીવર્સીટીના પોર્ટલ પર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. |

| | |
|---|---|
| | • સૌરાષ્ટ્ર યુનીવર્સીટીના પોર્ટલ પર ઓનલાઈન પોર્ટલ પર રજીસ્ટ્રેશન આગામી તા: ૨૦-૧૧-૨૦૨૫ (સવારે ૧૧.૦૦ કલાક) થી તા: ૩૦-૧૧-૨૦૨૫ (રાત્રીના ૧૧.૫૯) કરવાનું રહેશે.<br>• જે વિદ્યાર્થીઓએ સૌરાષ્ટ્ર યુનીવર્સીટીના પોર્ટલ પર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવ્યું ન હોય તેઓ પીએચ.ડી. પ્રવેશ લાયક રેહેશે નહિ. |
| ૪. | પીએચ.ડી. પ્રવેશ મેળવવા માટે અનુસ્નાતક અભ્યાસક્રમ (**M.A., M.B.A., M.Com., M.Sc. M.Ed. M.R.S., M.LIB., M.C.A., M.S.W., M.P.Ed., M.P.A.** વગેરે) માં જનરલ કેટેગરીમાં ઓછામાં ઓછા ૫૫% (ગ્રેસીંગ સિવાય) ગુણ અને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ તથા **SEBC** (નોન ક્રિમિલેયર) તથા શારીરિક ખોડખાપણ તેમજ EWS કેટેગરીના ઉમેદવારોને ૫૦% (ગ્રેસીંગ સિવાય) ગુણ હોવા જરૂરી છે. |
| ૫. | **Ph.D. Entrance Test Category** ના વિદ્યાર્થીઓ માટે જરૂરી સૂચનાઓ: |
| ૫.૧ | **Ph.D. Entrance Test Category** ના વિદ્યાર્થીઓ માટે પીએચ.ડી. એન્ટ્રન્સ પરીક્ષા સંબંધિત અન્ય માહિતી સમયાંતરે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવામાં આવશે, ઉમેદવારોએ વેબસાઈટના નિયમિત સંપર્કમાં રહેવું. |
| ૫.૨ | ઉમેદવારે પરીક્ષા સમયે હોલ ટિકિટની પ્રિન્ટ પોતાની પાસે રાખવી. |
| ૫.૩ | પીએચ.ડી. એન્ટ્રન્સ પરીક્ષા સંબંધિત કોઇપણ પ્રકારનો આખરી નિર્ણય લેવાની સત્તા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની રહેશે. |
| ૫.૪ | ઉમેદવાર દ્વારા રજૂ કરવામાં આવેલ ઈ - મેઈલ આઈ.ડી. ઉપર ફી ભરવા માટે તથા હોલ ટીકીટ ડાઉનલોડ કરવા માટે પાસવર્ડ મોકલવામાં આવશે. |
| ૫.૫ | પીએચ.ડી. એન્ટ્રન્સ પરીક્ષાની તારીખ હવે પછી જાહેર કરવામાં આવશે. |
| ૫.૬ | પીએચ.ડી. એન્ટ્રન્સ પરીક્ષા : પીએચ.ડી. પ્રવેશ પરીક્ષાને લગતી માહિતી વેબસાઈટ પર વખતોવખત અપલોડ કરવામાં આવશે. આથી ઉમેદવારોએ સમયાંતરે વેબસાઈટના નિયમિત સંપર્કમાં રહેવું, જો કોઇપણ કારણસર ઉમેદવાર આ પરીક્ષામાં ગેરહાજર રહેશે તો ઉમેદવારની તે અંગેની કોઇપણ પ્રકારની રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહીં. |
| ૫.૭ | ઉમેદવારે જે વિષયમાં અનુસ્નાતક પરીક્ષા પાસ કરેલ છે તે જ વિષયની પીએચ.ડી. એન્ટ્રન્સ પરીક્ષા આપવાની રહેશે. જો કોઈ ઉમેદવાર એક કરતાં વધુ વિષયમાં અનુસ્નાતક ડીગ્રી ધરાવતા હોય તો તેઓ પોતાની પસંદગીના માત્ર એક જ વિષય માં પીએચ.ડી. એન્ટ્રન્સ પરીક્ષા આપી શકશે. |
| ૫.૮ | પીએચ.ડી. એન્ટ્રન્સ પરીક્ષા પાર્સિંગ ધોરણ :<br>UGC નિયમો અનુસાર પરીક્ષાના પાર્સિંગનું ધોરણ જનરલ કેટેગરીના ઉમેદવારો માટે ૫૦% ગુણ તેમજ અનામત કેટેગરી (**SC,ST,SEBC** (નોન ક્રિમિલેયર),EWSને ૪૫% ગુણનો નિયમ લાગુ પડશે. તેમજ PH ઉમેદવારને પણ ૪૫% ગુણનો નિયમ લાગુ પડશે. |
| ૫.૯ | પ્રશ્નપત્રનું માળખું :-<br>• પ્રશ્નપત્ર કુલ ૧૦૦ ગુણનું રહેશે, પ્રત્યેક પ્રશ્નનો ૧ ગુણભાર રહેશે. |

| | |
|---|---|
| | • પ્રશ્નો MCQ પ્રકારના રહેશે.<br>• પ્રશ્નપત્રના પ્રશ્નોમાંથી ૫૦ પ્રશ્નો રિસર્ચ મેથોડોલોજી અને ૫૦ પ્રશ્નો વિષય સંબંધિત રહેશે.<br>• નકારાત્મક ગુણાંક રાખેલ નથી.<br>• પરીક્ષાનો સમયગાળો ૧૨૦ મિનિટનો રહેશે.<br>• ભૂગોળ વિષયમાં પ્રશ્નપત્ર અંગ્રેજી અને ગુજરાતી માધ્યમમાં રહેશે.<br>• હિન્દી વિષયમાં પ્રશ્નપત્ર હિન્દી માધ્યમમાં રહેશે.<br>• **Pharmacy**, **Physiotherapy** અને **Science Faculty**ના વિષયમાં પ્રશ્નપત્ર અંગ્રેજી માધ્યમમાં રહેશે. |
| ૫.૧૦ | **Ph.D. Entrance Test Category** ના વિદ્યાર્થીઓની એન્ટ્રન્સ પરીક્ષા માટેનો અભ્યાસક્રમ વેબસાઈટ પર ઉપલબ્ધ છે. પ્રવેશ પરીક્ષામાં પુન : મૂલ્યાંકન (રી–એસ્સેમેન્ટ), (રી–ચેકીંગ) ની કોઈ જોગવાઈ નથી. |
| ૬ | **Ph.D. Entrance Test Category** ના ક્વોલિફાય થયેલ વિદ્યાર્થીઓએ તથા **Ph.D. Non-Entrance Test Category** ના વિદ્યાર્થીઓએ નીચે જણાવેલા સ્વપ્રમાણિત પ્રમાણપત્રો; પોતાના અસલ તમામ પ્રમાણપત્રોનું અચૂકપણે વેરિફિકેશન જે તે વિષયના અનુસ્નાતક ભવનમાં કરાવવાનું રહેશે. સૌરાષ્ટ્ર યુનીવર્સીટીના પોર્ટલ પર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરેલ અરજીની નકલ, વેરિફિકેશન કરાવેલ સ્વપ્રમાણિત પ્રમાણપત્રો અને પોતાની સંશોધન દરખાસ્ત **(Research Proposal)** ની પાંચ નકલ અચૂકપણે જે તે વિષયના અનુસ્નાતક ભવનમાં અને **Physiotherapy** અને **Geography** વિષય માટે **PGTR Section, University Main Building** માં જમા કરાવવાનની રહેશે. જેની તારીખ હવે પછી યુનિવર્સીટીની વેબસાઈટ પર જાહેર કરવામાં આવશે. નિયત કરેલ તારીખ સુધીમાં વેરિફિકેશન ન કરાવનાર ઉમેદવારો પ્રવેશ માટે લાયક ગણાશે નહિ.<br>(૧) સૌરાષ્ટ્ર યુનીવર્સીટીના પોર્ટલ પર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરેલ અરજીની નકલ.<br>(૨) આર્થિક પછાત વર્ગ નું (EWS) માન્ય પ્રમાણપત્ર<br>(3) દિવ્યાંગ **(PH)** અંગેનું પ્રમાણપત્ર<br>(૪) **SC/ST** જાતિનું પ્રમાણપત્ર<br>(૫) **OBC** જાતિનું પ્રમાણપત્ર તથા નોન ક્રિમિલેયર પ્રમાણપત્ર (ઇસ્યુ થયાના નાણાકીય વર્ષ સહીતના ત્રણ નાણાકીય વર્ષ માટે માન્ય)<br>(૬) સ્નાતક તથા અનુસ્નાતક અભ્યાસના તમામ ગુણપત્રકો તથા ડીગ્રી સર્ટિફિકેટસ<br>(૭) **Ph.D. Entrance Test** પાસ કર્યા અંગેનો આધાર<br>(૮) આધારકાર્ડ<br>(૯). સંશોધન દરખાસ્ત **(Research Proposal)** ની પાંચ નકલ |
| ૭. | **Ph.D. Entrance Test Category** ના ક્વોલિફાય થયેલ વિદ્યાર્થીઓ પૈકી મેરીટના ધોરણે ખાલી રહેલ જે તે કેટેગરીની સીટની સાપેક્ષમાં ૧: ૬ ના ધોરણે એટલે કે (જે – તે કેટેગરીની એક સીટ સામે જે – તે કેટેગરીના ૦૬ વિદ્યાર્થીઓ) ને DRC સમક્ષ બોલાવવામાં આવશે. **DRC** ના સમયપત્રક ની માહિતી જે |

| | |
|---|---|
| | તે વિષયના ભવન દ્વારા ભવન ની વેબસાઈટ તથા યુનીવર્સીટીની વેબસાઈટ પર મુકવામાં આવશે. આ અંગે ઉમેદવારોએ ભવન ની વેબસાઈટ તથા યુનીવર્સીટીની વેબસાઈટ સમયાંતરે જોવાની રહેશે. |
| ૮ | **Ph.D. Entrance Test Category** ના ઉપરોક્ત મુદા નબર: ૬ મુજબ ક્વોલિફાય થયેલ છે તેવા તમામ ઉમેદવારોએ DRC ની પ્રકિયામાં હાજર રહેવું ફરજિયાત છે. DRC સમક્ષ ગેરહાજર રહેનાર ઉમેદવારો પ્રવેશ માટે લાયક ગણાશે નહિ. |
| ૯ | પીએચ.ડી. પ્રવેશની આખરી યાદી UGCના નિયમ મુજબ **Ph.D. Entrance Test Category** ના ઉમેદવારોએ **Ph.D. Entrance Test** માં મેળવેલ પરીક્ષાના ગુણના ૭0% + DRCના 30% મુજબ તૈયાર કરવામાં આવશે. જયારે **Ph.D. Non-Entrance Test Category** ના ઉમેદવારોએ **UGC NET-June & December-2024 and NET- June-2025, and GSET-December-2024** માં મેળવેલ પરીક્ષાના ગુણના ૭0% + DRCના 30% મુજબ તૈયાર કરવામાં આવશે. |
| ૧૦ | ઉમેદવારોને મળતી કોઇપણ પ્રકારની સ્કોલરશીપ માટે કોઇપણ ઉમેદવારની સંશોધક તરીકે નોંધણી થાય ત્યારે તેવા ઉમેદવારના માર્ગદર્શકશ્રી જે સંસ્થામાં હોય તે સંસ્થા પાસે મળવાપાત્ર સ્કોલરશીપના નીતિ નિયમોને અનુરૂપ માન્યતા ન હોય તો તે અંગે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની કોઇપણ પ્રકારની જવાબદારી રહેશે નહીં. |
| ૧૧ | શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે **S**aurashtra University Ordinance for Ph. D. Programme -2022 (**PGTR**/૧/૨૪૨૦૦૭૮/૨૦૨૪ તા.૦૯/૧૦/૨૦૨૪ ના સુધારા) પરિપત્ર મુજબની અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની વખતોવખતની સૂચનાઓ લાગુ પડશે. |
| ૧૨ | અરજદારે સૂચનાઓ / નિયમોનો પૂરેપૂરો અભ્યાસ કર્યા બાદ જ ફોર્મ ભરવું. અરજદારે લાયકાતના ધોરણને ધ્યાનમાં રાખી પોતે નિયત લાયકાત ધરાવતા હોય તો જ ફોર્મ ભરવું. |
| ૧૩ | જો ઉમેદવારે ખોટા દસ્તાવેજો રજૂ કરી પીએચ.ડી. પ્રવેશ મેળવેલ હશે તો તે ઉમેદવારનું પીએચ.ડી. પ્રવેશ કોઇપણ તબક્કે રદ કરવામાં આવશે. |
| ૧૪. | કોઇપણ પ્રકારના માર્ગદર્શન માટે **phd2025@sauuni.ac.in** ઉપર ઈ મેઈલ કરવાનો રહેશે. |

Date: 19 -11-2025

Co-Ordinator

Ph.D. Admission 2025-26

## પરિશિષ્ટ-૧

**Subject wise Vacant Seats for Ph. D. - 2025-26 For Second Round**
**Online Registration is Compulsory**

| No | Subject | Vacant Seats |
|---|---|---|
| 1 | APPLIED PHYSICS | 06 |
| 2 | BOTANY | 02 |
| 3 | CHEMISTRY | 03 |
| 4 | COMPUTER SCIENCE | 10 |
| 5 | HINDI | 08 |
| 6 | MICROBIOLOGY | 06 |
| 7 | PHYSICS | 07 |
| 8 | MATHEMATICS | 01 |
| 9 | STATISTICS | 04 |
| 10 | ZOOLOGY | 05 |
| 11 | PHARMACY | 09 |
| 12 | PHYSIOTHERAPY | 02 |
| 13 | GEOGRAPHY | 02 |
| **TOTAL** | | **65** |

Date: 19 -11-2025

Co-Ordinator

Ph.D. Admission 2025-26

પરિશિષ્ટ-૨

**Subject wise Vacant Seats for Ph. D. - 2025-26 For Second Round**
**Online Registration is not Required**

| No | Subject | Vacant Seats |
|---|---|---|
| 1 | COMMERCE | 01 |
| 2 | ECONOMICS | 02 |
| 3 | EDUCATION | 13 |
| 4 | ENGLISH | 02 |
| 5 | PSYCHOLOGY | 01 |
| 6 | PHILOSOPHY | 01 |
| **TOTAL** | | **20** |

Date: 19 -11-2025

Co-Ordinator

Ph.D. Admission 2025-26